GJAN080003462018

**-:નમુનો-અ:-** આંક-

| |
|---|
| **ઉમરેઠના મહેરબાનશ્રી જયુડીશયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં** |
| **મુકામ: ઉમરેઠ .** |
| **ચુકાદાની તારીખ : ૧૨/૦૮/૨૦૨૬** |
| **ફોજદારી કેસ નં. : ૨૯૩/૨૦૧૮** |
| **ગુનાની વિગત** |

| | |
|---|---|
| ગુનાની કલમ | **ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫એઇ, ૧૧૬(ખ) ,૮૧ મુજબ** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | પ્રોહી. ગુ. ર. નં.- ૫૧૪૬/૨૦૧૭ |
| પોલીસ સ્ટેશન | પોલીસ સ્ટેશન -ભાલેજ |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી : **જે.સી.બારોટ** |
| આરોપીપક્ષ | **(૧) રાકેશભાઇ ઉર્ફે રમેશભાઈ ગણપતભાઇ સોલંકી,(એબેટ)**<br>ઉ.વ.૨૨ રહે.ફતેપુરા કહારી તળાવ તા.ઉમરેઠ<br>**(૨) મહેશભાઇ ઉર્ફે ચેબુ અરવિંદભાઇ સોલંકી,**<br>ઉ.વ.૨૩ રહે.ફતેપુરા મોટુ ફળીયું તા.ઉમરેઠ.<br>**(૩) પ્રભુજી જીવાભાઇ ઉર્ફે જીવાજી ભાટી,**<br>ઉ.વ.૪૧ રહે. રાવળાપુરા પુષ્પકુંજ સોસાયટી તા.જી.આણંદ મુળ રહે જેસલમેર મોતીભાઇ (રાજસ્થાન)<br>**(૪) નટુભાઇ મોતીભાઇ સોઢાપરમાર,**<br>ઉ.વ.૬૫ રહે.સરદારપુરા રાસિયા ફળીયું તા.ઉમરેઠ. |
| રજુઆત | આરોપી તર્ફે વિદ્વાન વકીલશ્રી<br>**એચ.એમ.પ્રજાપતિ** |

**–:નમૂનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૦/૧૦/૨૦૧૭ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૦/૧૦/૨૦૧૭ |
| આખરી અહેવાલની તારીખ | ૨૨/૦૨/૨૦૧૮ |
| તહોમતનામાની તારીખ | ૩૦/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૪/૦૨/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | **રાકેશભાઇ ઉર્ફે રમેશભાઈ ગણપતભાઇ સોલંકી** | ૧૦/૧૦/૧૭ | – | ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ, ૧૧૬(ખ),૮૧ મુજબ | એબેટ | | |
| ૦૨ | **મહેશભાઇ ઉર્ફે ચેબુ અરવિંદભાઇ સોલંકી** | ૧૦/૧૦/૧૭ | – | | નિર્દોષ છોડયા | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૦૩ | **પ્રભુજી જીવાભાઇ ઉર્ફે જીવાજી ભાટી** | ૧૦/૧૦/ ૧૭ | – | | નિર્દોષ છોડયા | | |
| ૦૪ | **નટુભાઇ મોતીભાઇ સોઢાપરમાર** | ૧૧/૧૦/ ૧૭ | – | | નિર્દોષ છોડયા | | |

**::નમૂનો ક::**

## ફરિયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી

**અ. ફરિયાદ પક્ષ**

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સા. ૧ | જગદીશભાઇ રણછોડભાઇ પરમાર | ફિરયાદી |
| ફ.સા. ૨ | યુસુફખાન ગુલાબખાન પઠાણ | પંચસાહેદ |
| ફ.સા.૩ | મગનભાઇ અળખાભાઇ નીનામા | ત.ક.અ. |

## ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી

**અ. ફરિયાદ પક્ષ**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૨૩ | પંચસાહેદ–યુસુફખાન ગુલાબખાન પઠાણની સોગંદ ઉપર જુબાની |
| ૨ | ૨૪ | પંચનામું |
| ૩ | ૨૬ | ફરિયાદી–જગદીશભાઇ રણછોડભાઇ પરમારની સોગંદ ઉપર જુબાની |
| ૪ | ૩૧ | ત.ક.અ.–મગનભાઇ અળખાભાઇ નીનામાની સોગંદ ઉપર જુબાની |

## ::–ચુકાદો–::

### (૧) કેસની ટૂંકી હકીકત :–

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઇએ તો, ગુન્હો પ્રોહી.એકટ કલમ ૬૫ એ ઇ, ૧૧૬(ખ), ૮૧ મુજબ આરોપીઓએ તા.૧૦/૧૦/૨૦૧૭ ના રોજ ક.૨૦/૧૦ વાગ્યાના સુમારે સરદારપુરા પાટીયા પાસે પોતાની મોટર સાયકલ નં. GJ 5 FE 5541 ઉપર વગર પાસ પરમીટનો વિદેશી દારૂની ROCK STAR Deiuxe Whisky કંપનીની શીલ બંધ હિમાચલ પ્રદેશની બનાવટની કાચની બોટલ ૭૫૦ મિલી.ની કિંમત રૂપિયા ૫૦૦/– તથા પલ્સર બાઇક કિંમત રૂપિયા ૩૦,૦૦૦/–નં.મળી કુલ્લે રૂપિયા ૩૦,૫૦૦/–ના મુદ્દામાલ સાથે પોતાના અંગ કબજામાં રાખી જાહેરમાંથી મળી આવી પકડાઇ જઇ ગુનો કર્યા વિગેરે બાબત. ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

### (૨) ન્યાયિક કાર્યવાહી :–

આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આંક–૧૭ થી તહોમતનામું ઘડી અને આંક–૧૮ થી આંક–૨૦ ગુન્હા અંગે સમજ આપવામાં આવતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

સદર કામે આરોપી નં.**(૧) રાકેશભાઈ ઉર્ફે રમેશભાઈ ગણપતભાઇ સોલંકી,**ઉ.વ.૨૨ રહે.ફતેપુરા કહારી તળાવ તા.ઉમરેઠનાઓ સદર ફોજદારી કામની ચાલુ કાર્યવાહી દરમિયાન અવસાન પામેલ હોય, તેઓની સામેનો કેસ

એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ તેઓના વિ.વકીલશ્રીએ આપી, વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.સી.બારોટ ની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તર્ફે વિદ્વાન વકીલશ્રી એચ.એમ.પ્રજાપતિ મૌખિક દલીલો સાંભળી.

**-::મુદાઓ::-**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા.૧૦/૧૦/૨૦૧૭ ના રોજ ક.૨૦/૧૦ વાગ્યાના સુમારે સરદારપુરા પાટીયા પાસે પોતાની મોટર સાયકલ નં. GJ 5 FE 5541 ઉપર વગર પાસ પરમીટનો વિદેશી દારૂની ROCK STAR Deiuxe Whisky કંપનીની શીલ બંધ હિમાચલ પ્રદેશની બનાવટની કાચની બોટલ ૭૫૦ મિલી.ની કિંમત રૂપિયા ૫૦૦/- તથા પલ્સર બાઇક કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-નં.મળી કુલ્લે રૂપિયા ૩૦,૫૦૦/-ના મુદ્દામાલ સાથે પોતાના અંગ કબજામાં રાખી જાહેરમાંથી મળી આવી પકડાઇ જઇ પ્રોહી.એકટ કલમ ૬૫ એ ઇ, ૧૧૬(ખ), ૮૧ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

(૫) ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**–::કારણો::–**

**મુદા નંબર :– ૧**

(૬) ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે આંક–૨૩ થી પંચસાહેદ યુસુફખાન ગુલાબખાન પઠાણની જુબાની થયેલ છે. સદર પંચ સાહેદ સદર પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવે છે. જેથી આંક–૨૪ વાળું પંચનામું પંચની જુબાનીથી પુરવાર થતું નથી.

(૭) ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે આંક–૨૬ થી સદર કામના ફરિયાદી જગદીશભાઇ રણછોડભાઇ પરમારની જુબાની થયેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી જુબાની આપેલ છે. સદર સાહેદની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, બનાવ સ્થળ વાળી જગ્યા વસતીની અવરજવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે, પેટ્રોલીગમાં કયા વાહનમાં નિકળેલા તેનો નંબર ફરીયાદમાં જણાવેલ નથી.એ વાત ખરી નથી કે માત્ર કામગીરી બતાવવા બીનવારસી પ્રોહી મુદામાલ આરોપીના નામે ચઢાવી ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે ખોટી ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપુ છું.એ વાત ખરી છે કે ફરીયાદ આપ્યા સીવાય બીજી કોઇ કાર્યવાહી મે કરેલ નથી.

આ કામે સદર કામના સાહેદ ત.ક.અ. શ્રી મગનભાઈ અળખાભાઈ નીનામાની આંક–૩૧ થી જુબાની લેવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી જુબાની આપેલ છે. સદર સાહેદની ઉલટ તપાસ જોતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે બનાવવાળી જાહેર જગ્યા છે. એ વાત ખરી છે કે, સદર કામે પોલીસ સાહેદો સિવાય બીજા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.એ વાત ખરી છે કે સદર કામે આજદીન સુધી એફ.એસ.એલનો રીપોર્ટ રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે આરોપી પાસે આવો કોઈ મુદ્દામાલ ન મળી આવેલ હોવા છતા કામગીરી બતાવવા ખોટી ચાર્જસીટ કરેલ છે.એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા કોની માલીકીની છે તે ફરીયાદમા તથા તપાસના કામે ચાર્જસીટ સાથે રજુ કરેલ નથી.એ વાત ખરી નથી કે પોલીસ સ્ટેશનમા પંચનામુ કરી તૈયાર પંચનામામા પંચોની સહીઓ કરાવેલ છે.એ વાત ખરી નથી કે આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.એ વાત ખરી છે કે પેટ્રોલીંગમા કયુ વાહન લઇને નીકળેલા તે જણાવેલ નથી.

(૮) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીના કબજામાંથી દારૂ કબ્જે કરેલ હોવાનો અને પ્રોસીકયુશનનો કેસ છે. વધુમાં આ કામે ચાર્જસીટમાં દર્શાવેલ અન્ય સાહેદોને ફરીયાદપક્ષ કોર્ટમાં હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ છે વધુમાં કહેવાતી ઝડતી વાળી જગ્યા જાહેર જગ્યા છે વધુમાં આ કામેતપાસવામાં આવેલ પંચ સાહેદએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ

કામે ઝડતીવાળી જગ્યા જાહેર વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર શાહેદ ના નિવેદનો લેવામાં આવેલ નથી. જો તેઓના નિવેદન લેવામાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુ:દિશા પણ બતાવવામાં આવે છે. પંચોના નામ ફરીયાદમાં જણાવેલ ન હોય. જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂઘ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે પંચ સાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સં જોગોમાં ફરીયાદીની જુબાની પર આઘાર રાખી શકાય નહી. વઘુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ઘ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧(૨૬) જી. એચ. જે. ૦૧)**માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચ સાહેદો ફરીયાદપક્ષે કરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આઘાર રાખવો તે સલામતી ભર્યૃ ગણાય નહી. વઘુમાં , **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એકસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપત પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોઘાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી, તે અંગેનો કોઈ રીર્પોટ ફરીયાદ પક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. તેમજ ફરિયાદી જુબાનીમાં ઉલટ તપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંઘ કરવાની હોય છે તેમ છતા તેઓ ઘ્વારા સદર

કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી. ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. અને આ કામે તપાસેલ પંચ સાહેદ તટસ્થ પં ચ સાહેદો છે. તેમ છતાં તેઓએ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ઘ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન મળે ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચ સાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સં જોગોમાં આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **::: આખરી હુકમ :::**

**(૧)** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે સદર કામના આરોપી **(૨) મહેશભાઇ ઉર્ફે ચેબુ અરવિંદભાઇ સોલંકી,** ઉ.વ.૨૩ રહે.ફતેપુરા મોટુ ફળીયું તા.ઉમરેઠ. **(૩) પ્રભુજી જીવાભાઇ ઉર્ફે જીવાજી ભાટી,** ઉ.વ.૪૧ રહે. રાવળાપુરા પુષ્પકુંજ સોસાયટી તા.જી.આણંદ મુળ રહે જેસલમેર મોતીભાઇ (રાજસ્થાન) **(૪) નટુભાઇ મોતીભાઇ સોઢાપરમાર,** ઉ.વ.૬૫ રહે.સરદારપુરા રાસિયા ફળીયું તા.ઉમરેઠનાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ, ૧૧૬(ખ) ,૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

<u>(૨)</u> મુદ્દામાલ દારૂનો અપીલ સમયે વીત્યે થી નિયમાનુસાર નાશ કરવો અને આ ગુનાના કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ વાહન અંગે વચ્ચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા અપીલ સમય બાદ માલિકીની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

<u>(૩)</u> આરોપીને અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૨ મી, માહે : ઓગસ્ટ , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ઉમરેઠ.

<u>તારીખ : ૧૨/૦૮/૨૦૨૬</u>

**( શાલિની એસ. બારઠ )**
જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ, આણંદ
**(JUDGE CODE GJ-01573)**

<u>S.B.Zala-Guj.Steno.</u>